## 1. સરમુખત્યારશાહી વિશે નોંધ લખો.

- રાજ્યો અને રાષ્ટ્રોની શાસનવ્યવસ્થા કાળક્રમે પરિસ્થિતિ અનુસાર બદલાતી જાય છે. 20મી સદીની શરૂઆતમાં વિશ્વના વિવિધ દેશોમાં વિવિધ પ્રકારની શાસનવ્યવસ્થા અમલમાં આવી. આ વ્યવસ્થાઓ પૈકી એક શાસનવ્યવસ્થા એટલે સરમુખત્યારશાહી. સરમુખત્યારશાહી કંઈક અંશે રાજાશાહી શાસનવ્યવસ્થાને મળતી આવતી વ્યવસ્થા છે. જેમાં એકહથ્થુ સત્તા જોવા મળે છે. સરમુખત્યારશાહીમાં વંશપરંપરાગતનું તત્ત્વ ખૂબ જ ઓછું જોવા મળે છે. આ શાસન વ્યવસ્થા રાજકીય ક્રાંતિના ભાગ સ્વરૂપે આવે છે, સરમુખત્યાર શાસનને પ્રજાના બહોળા વર્ગનો ટેકો મળતો હોય છે.
- વિશ્વમાં એવા પણ બનાવો બનેલાં છે કે જ્યાં વ્યક્તિગત કે લશ્કરી બળવાં દ્વારા હયાત શાસન વ્યવસ્થાના સૂત્રો સરમુખત્યારો છીનવી લે છે. દા.ત. જર્મની, અને ઇટલી. જર્મનીના વડાપ્રધાન હિટલરે રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થતાં પોતે જ જર્મનીનો રાષ્ટ્રપતિ બની બેઠા . તેવી જ રીતે ઇટાલીના મુસોલિનીએ ચૂંટણીમાં બહુમત મેળવનારને નહિ પરંતુ, જનમત જેને વધુ મળે તે સત્તાના સૂત્રો સંભાળે તેવો સુધારો કરતાં ગઠબંધનવાળી સંરચના શાસનમાં ન આવી અને મુસોલિની જાતે જ ઇટાલીનો શાસક બની ગયો. સરમુખત્યાર શાસન વ્યવસ્થામાં બે બાબતોની નોંધ લેવી જોઈએ.

  (1) શાસકોને લશ્કરી પીઠબળ પ્રાપ્ત થતું હોય છે.

  (2) સરમુખત્યારો દેશનું બંધારણે પોતાને અનુકૂળ આવે તે રીતનું તૈયાર કરાવે છે. સરમુખત્યારશાહીમાં જોવા મળતો ઉગ્ર રાષ્ટ્રવાદ તેનાથી પ્રાપ્ત થતી સત્તા અને શાસકો અલ્પજીવી છે. તેઓએ પોતાના સહિત દેશનો પણ વિનાશ નોર્યા હોવા છતાં એ બાબત પણ ભૂલવી જ જો એ કે એક નેતા, એક પક્ષ અને એક પ્રજાના કાર્યક્રમ દ્વારા પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઇટાલી અને જર્મનીની રાજકીય સ્થિરતા અને આર્થિક સ્થિતિને મજબૂત કરવામાં સરમુખત્યારશાહી વ્યવસ્થા જ હતી.

## 2. સંસદીય લોકશાહી વિશે માહિતી આપો.

- રાજકીય શાસન વ્યવસ્થાઓમાં લોકશાહી શાસન વ્યવસ્થા એ લોકપ્રિય સાબિત થઈ છે. લોકશાહીતંત્રમાં સંસદીય અને પ્રમુખગત લોકશાહી જોવા મળે છે. સંસદીય લોકશાહીમાં પ્રજા દ્વારા ચૂંટાઈને આવેલા સભ્યોની રચાતી કારોબારી સંસદ (ચૂંટાયેલા સભ્યોને)ને જવાબદાર રહી કાર્ય છે.
- ભારતમાં સંસદીય લોકશાહી છે. જેમાં સંસદ બે ગૃહોનું બનેલું હોય છે. સંસદનું ઉપલું ગૃહ કે જે રાજસભા અને નીચલું ગૃહ કે જે લોકસભા તરીકે ઓળખાય છે. લોકસભાના પ્રતિનિધિઓ પ્રજા દ્વારા પ્રત્યક્ષ ચૂંટણીથી ચૂંટાયેલ હોય છે. જયારે રાજય સભાના સભ્યો પરોક્ષ ચૂંટણીથી ચૂંટાયેલ પ્રતિનિધિઓ દ્વારા ચૂંટાયેલા સભ્યો દ્વારા રચાય છે. ઇંગ્લેન્ડમાં લોકશાહી સંસદીય છે. પરંતુ, તે ભારતીય સંસદીય પ્રથાથી ભિન્ન છે. ઇંગ્લેન્ડમાં રાજાશાહીની નાબૂદી થઈ હોવા છતાં રાજાના પદને પરંપરાગત રાખી તેમને નામ માત્રની સત્તા આપી છે. ભારતમાં જે સ્થાન રાષ્ટ્રપતિનું છે તે સ્થાન રાજાનું છે.

### 3. ઊધ્યોગિકરણની અસરો ચર્ચો.

- કોઈ એક ઘટના બનવા પાછળ અનેક પરિબળો જવાબદાર હોય છે. તેવી જ રીતે ઘટનાને પરિણામ ઉદ્ભવતી અસરો પણ વૈવિધ્યતા સભર હોય છે. ઉધોગીકરણથી સમાજ , અર્થકારણ અને શાસનતંત્ર પર વ્યાપક અસર થઈ.
- ઉદ્યોગીકરણ દ્વારા વિશ્વમાં બે પ્રકારની અસરો જોવા મળી. (1) રચનાત્મક અસરો (2) નકારાત્મક અસરો.
- A. ઉદ્યોગીકરણની હકારાત્મક અસરો

  (1) બજાર વ્યવસ્થાનો વિકાસ : ઉદ્યોગીકરણને કારણે ઉત્પાદનવૃદ્ધિમાં નોંધપાત્ર વધારો થયો. જેને કારણે બજાર વ્યવસ્થા (Marketing)નો વિકાસ થયો. જેને માનવીની ખરીદશક્તિ અને વપરાશમાં વધારો થતા ભૌતિક સુખસુવિધામાં પણ નોંધપાત્ર વધારો થયો.

  (2) બેક્રીગ વ્યવસ્થા : વર્ષો જુની વસ્તુવિનિમય પ્રથાને સ્થાને નાણાંનું સર્વસ્વીકૃત ચલણ માધ્યમ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. નાણાંકીય વ્યવસ્થાના ભાગરૂપે બેક વ્યવસ્થાની શરૂઆત થઈ.

  (3) ખાનગીક્ષેત્રોનો વિકાસ : ઉત્પાદનક્ષેત્રે ખાનગી અને જાહેર સાહસોની શરૂઆત થઈ. ખાનગી સાહસોને કારણે ટેક્નોલોજીનો વૈશ્વિક સ્તરે પ્રચારપ્રસાર થયો .

  (4) વાહનવ્યવહારક્ષેત્રે પરિવર્તનો : વાહનવ્યવહારક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તનો આવ્યા. મોટા માલવાહક જહાજો, વિમાન, રેલ્વે જેવા વાહનોએ આંતરરાષ્ટ્રીય વેપારમાં નોંધપાત્ર વધારો થયો.

  (5) પેટ્રોલીયમ પેદાશોનો ઉપયોગ વધ્યો : ઉત્પાદન પદ્ધતિ, વાહનવ્યવહાર, વિજ ઉત્પાદન માટે વિવિધ પેદાશો અને કોલસાનો ઉપયોગ વધતો ગયો.

  (6) આધુનિક કૃષિ : ઉદ્યોગીકરણે કૃષિક્ષેત્રમાં રાસાયણિક ખાતર, આધુનિકસંમત્રો, સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધતો ગયો. કૃષિક્ષેત્રે ખેતપેદાશોનું ઉત્પાદન નોંધપાત્ર વધ્યું.

  (7) તબીબીક્ષેત્રે સુધારો : ઉદ્યોગીકરણ દ્વારા તબીબી ક્ષેત્રે પણ નવાનવા આધુનિક સંશોધનો દ્વારા વ્યક્તિગત અને જાહેર સ્વાથ્ય અને સરેરાશ આયુષ્યમાં વધારો થયો.

  (8) સામ્યવાદી વિચારસરણીનો વ્યાપ : ઉધોગીકરણ દ્વારા મુડીવાદી શાસન પ્રથાએ જે આર્થીક અસમાનતા પેદા કરી ત્યારે કાર્લ માર્ક્સ આપેલ સિદ્ધાંતો આધારીત સામ્યવાદી વિચારસરણીને વિશ્વના વિવિધ દેશોમાં પોતાનો વ્યાપ વધાર્યો.
- (B) ઉધોગીકરણની નકારાત્મક અસરો :

  (1) આર્થિક અસમાનતા : ઉધોગીકરણથી વિશ્વમાં ઔદ્યોગિક અને બિનઔધોગિક દેશોનું સર્જન થયું. બિનઔધોગિક દેશોમાં ગરીબી અને બેકારીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું.

  (2) શહેરીકરણ : ઉધોગી કરણને કારણે ગામડાંઓ ત્યાં ના ગૃહ ઉધ્યોગો પડી ભાંગ્યા. રોજગારી માટે પ્રજા શહેરો તરફ આવતા શહેરીકરણ એ સરકાર અને સમાજ માટે અનેક ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન કરી. જેનાથી ગરીબી અને બેકારીમાં નોંધપાત્ર વધારો થયો.

  (3) પ્રાદેશિક અસમતુલા : ઔધ્યોગિકારણ એ વિશ્વ ના દક્ષિણ વિસ્તારો માં ઝડપ થી વસ્તી વધારો કર્યો. જેને કારણે તે દેશની પ્રજાને લાધુતમ જરૂરિયાતો અને રીજગારી પ્રાપ્ત કરવામાં અસમર્થ બન્યા.

  (4) કુદરતી સંપત્તિ પર સંકટ : આંદળા ઔધ્યોગિકરણને કારણે કુદરતી સંસાધનો જેવા કે ખનીજતેલ, કોલસો, વૃક્ષો વગેરેનો જથ્થો નોંધપાત્ર રીતે ઘટી રહ્યો છે.

(5) ગ્લોબલ વોર્મિંગ : વિવિધ પ્રકારના પ્રદૂષણના વધતા પ્રમાણોએ સમગ્ર વિશ્વ સમક્ષ ગ્લોબલ વોર્મિંગની ગંભીર સમસ્યા પેદા કરી. રાસાયણિક ખાતરો અને ઉપકરણોએ આ સમસ્યાને વધુ વિકટ બનાવી છે. આમ, ઉદ્યોગિકીકરણે વિશ્વમાં અલગઅલગ રીતે પોતાની અસરો ઉપજાવી છે.

4. આંતકવાદ ઉત્પન્ન કરનાર પરિબળો અને તેમની પ્રવૃત્તિઓ પર નોંધ લખો. અથવા આંતકવાદ એટલે શું ? તેનું સ્વરૂપ સમજાવો.

- આંતકવાદ વર્તમાન સમયની મુખ્ય વૈશ્વિક સમસ્યા છે. દરેક દેશ પોતાના કાયદાઓને ધ્યાનમાં રાખી ખાંતકવાદની પરિભાષા અલગ અલગ કરે છે. છતાં કેટલીક બાબતો ખાંત કવાદ છે તે નક્કી કરી આપે છે.
- અર્થ : આતંકવાદ એટલે કે " જીવન, ભૌતિક અખંડતા અથવા માનવસમુદાયને જોખમમાં મૂકે તેવાં અને મોટા પાયા પર સંપત્તિને નુકશાન કરે તેવાં કાર્યો દ્વારા ભયનું વાતાવરણ સર્જવામાં આવતી પ્રવૃત્તિ."
- વૈશ્વિક કક્ષાએ જે આંતકવાદની ઘટનાઓ જોવા મળી છે તેના આધારે એટલું કહી શકાય છે કે આંતકવાદની શરૂઆત કોઈ ધાર્મિક, રાજકીય કે સામાજીક જૂથ દ્વારા કોઈ ચોક્કસ હેતુ સિદ્ધ કરવા ધાકધમકી, ખૂન, માનવહત્યા અને માનવસંપત્તિને નુકશાન કરે તેવી પ્રવૃત્તિઓ કરીને સરકાર પર દબાણ લાવવા પ્રયત્ન કરે છે. આંતકવાદીઓ મોટેભાગે સરકાર સામે સીધા સંપર્કમાં આવતા નથી, પરંતુ, તેઓ સરકારના હૃદય પર ઘા કરે તેવા હુમલો કરે છે. આંતકવાદીઓનો કોઈ ધર્મ, જાતિ હોતી નથી તેઓ નિર્દયતાની હદ વટાવી ચુક્યા હોય છે, અને તેથીજ નિર્દોષ લોકોની પણ હત્યાઓ કરે છે. આંતકવાદના મૂળમાં સામાન્ય રીતે રાજકીય, ધાર્મિક અને પ્રાદેશિક બાબતો સમાયેલી હોય છે, જેના મૂળમાં તપાસીએ તો નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.
- પરિબળ : (1) રાજકીય હેતુ પ્રેરિક આંતકવાદ : ઉત્તર આયરલેન્ડ, અલ્જિરિયા, દક્ષિણ આફ્રિકા અને ચીલી જેવા દેશોમાં રાજકીય હેતુઓ સિદ્ધ કરવા આંતકવાદ શરૂ થયો હતો.

  (2) ધાર્મિક આંતકવાદ : વિકાના કેટલાક નાના દેશો અને કેટલાક કટ્ટર ધાર્મિક સમૂહો પોતાના ધર્મને શ્રેષ્ઠ સાબિત કરવા વિધર્મીઓ પર આંતકવાદ દ્વારા ભયનું વાતાવરણ સર્જે છે.

  (3) પ્રાદેશિકતા : પોતાના પ્રદેશ પનઃ પ્રાપ્ત કરવા કે અલગ કરવા જે તે પ્રદેશના સ્થાનિક વ્યક્તિઓ આંતકવાદનો સહારો લે છે. તો ક્યારેક પોતાની જાતિ પ્રદેશની આગવી ઓળખને જાળવી રાખવાના ભાગરૂપે ન છૂટકે તે આંતકવાદના રસ્તે ચાલે છે . વિશ્વની મહાસત્તાઓ પ્રેરિત આંતકવાદ વિશ્વની કહેવાતી મહાસત્તાઓ પોતાની મહાનતા ટકાવી રાખવા, અન્ય દેશોને પછાળવા, પોતાના ઉત્પાદકીય શાસ્ત્રો માટે જરૂરી એવા બજાર મેળવવા કે પોતાના રાજકીય હેતુઓને સિદ્ધ કરવા વિવિધ આંતકવાદ પ્રવૃત્તિઓને અપ્રત્યક્ષ મદદ કરે છે. (અલકાયદાની સ્થાપના પાછળ વિશ્વની મહાસત્તા કારણભૂત હોવાનું મનાય છે.)
- આંતકવાદી પ્રવૃત્તિઓ : આંતકવાદનો પરિચય વિશ્વને મ્યુનિચ ઓલમ્પિક દ્વારા થયો. આ ઓલમ્પિકમાં ઇઝરાયલી ખેલાડીઓની પેલેસ્ટાઇ આંતકવાદીઓ દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી, ત્યાર પછી તો આવી ઘટનાઓની હારમાળા સર્જાતી રહી છે. આંતકવાદની મુખ્ય પ્રવૃત્તિઓ જોઇએ તો. અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બન્ને ટાવરો પર થયેલ હુમલો (11મી સપ્ટેમ્બર, 2001).
- ચેચન્યાના આત્મઘાતી હુમલામાં રશિયાના થિયેટરમાં અસંખ્ય નિર્દોષ લોકોના મોત, ગુજરાતના અક્ષરધામ પર હુમલો. જમ્મુકાશ્મીરની વિધાનસભા અને રઘુનાથ મંદિર પર હુમલો. ભારતીય સંસદ પર હુમલો . મુંબઈ હુમલો (26/11) પેશાવર સૈનિક શાળા પર હુમલો વગેરે. અનુમાનીત વિશ્વમાં 500થી વધુ આંતકવાદી સંગઠનો કાર્ય

કરે છે , જે માં ઓસામા બિન લાદેનનું અલ કાયદા (અફઘાનિસ્તાન), પ્રભાકરનનું લિફ્ટ (LITTE) (શ્રીલંકા) , અલજિદાહ (Rrsó), આયરિશ નેશનલ લિબરેશન આર્મી (ઉત્તર આયર્લેન્ડ), હિઝબુલ્લાહ રમાસ (દક્ષિણ લેબેનોન), નેશનલ લિબરેશન આર્મી (જોર્ડન, ન્યુ પીપલ્સ આર્મી) (પેલેસ્ટાઇન) , માઓવાદી (નપાળ), જયારે ભારતમાં પશ્ચિમ બંગાળમાં અને ઝારખંડમાં નક્સલવાદી, જમ્મુકાશ્મીરમાં હિઝબુલ મુઝાહિદીન, પંજાબમાં ખાલસા લિબ્રેશન ફ્રન્ટ જેવા સંગઠનો કાર્યરત છે.

5. સામ્યવાદ વિશે માહિતી આપો.

- રાજકીય, સામાજીક અને આર્થિક ક્ષેત્રે સમાનતાના સિદ્ધાંતોને વરેલી વિચારસરણી એટલે સામ્યવાદ. સામ્યવાદ પર કાર્ડ માર્ક્સની વિચારસરણીની વ્યાપક અસર જોવા મળે છે. (કાર્લ માર્ક્સના 'દાસ કેપિટલ' અને ''કૌમ્યુનિસ્ટ મેનિફેસ્ટો') સામ્યવાદમાં કામદારોને સામાજીક ન્યાય અને પ્રાધાન્ય આપવામાં આવે છે. સામ્યવાદી રાજયમાં મિલકતોની આખરી માલિકી હક્ક સરકાર પાસે હોય છે. વિશ્વમાં રશિયન ક્રાંતિ પછી સામ્યવાદનો વ્યાપ વિશ્વમાં વધતો ગયો છે .
- વિશ્વમાં ચીનમાં પણ સામ્યવાદી ક્રાંતિ થયેલ જોઈ શકાય છે. માઓ સેતુંગના પ્રભાવ હેઠળ ચીનમાં ખેડૂતોનું પ્રભુત્વ ક્રાંતિ અને સરકાર પર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉત્પાદનના તમામ સાધનો, ખેતી, કારખાનો અને બેંક્રો પર રાજયનું નિયંત્રણ હોય છે. રાજયમાં તમામ પ્રવૃત્તિઓ સામૂહિક ધોરણે કરવામાં આવે છે. કાર્લ માર્ક્સના વિચાર મુજબનું શુદ્ધ સામ્યવાદ અનુસારની શાસનવ્યવસ્થા રશિયોમાં સફળ ન રહી. પરંતુ ચીનમાં તે આજની તારીખે પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.